## ડાયરેક્ટ ❤ સે

મળે તો ઘણું છે
આ જિંદગીમાં
બસ આપણે
ગણતરી
એટલાંની જ કરીએ છીએ
જે આપણને
મળ્યું નથી

## જન્મદિને વધામણી



મહેક સાહિદખાન પઠાણ
મો. ૯૮૨૪૦ ૫૭૨૮૭

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૧**
ઐય્યારી
રાત્રે ૧૦.૦૦
**સ્ક્રીન - ૨**
ઐય્યારી
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦
પેડમૅન
૯.૪૫
**સ્ક્રીન - ૩**
બ્લૅક પૅન્થર
(૩ડી અંગ્રેજી)
૪.૩૦, ૧૦.૦૦
બ્લૅક પૅન્થર
(૩ડી હિન્દી)
૨.૦૦, ૭.૧૫
**સ્ક્રીન - ૪**
ટાઈગર ઝિન્દા હૈ
૧.૦૦
ચાલ મન જીતવા જઈએ
(ગુજરાતી)
૭.૦૦
લવની ભવાઈ (ગુજરાતી)
૪.૦૦, ૯.૩૦
**સ્ક્રીન-૪**
પેડમૅન
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
ઐય્યારી
રાત્રે ૧૦.૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની

# વિદ્યાર્થિનીઓ 'ઘરથી દૂર એક ઘર' કાર્યક્રમમાં જોડાઈ





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની ૭૦ વિદ્યાર્થિની બહેનોને 'ઘરથી દૂર એક ઘર' કાર્યક્રમ અંતર્ગત ભગિની સંસ્થા સી એમ નર્સિંગ હૉસ્ટેલ ખાતે રાત્રિ રોકાણ માટે લઈ જવામાં આવી હતી.

અહીં નર્સિંગ હૉસ્ટેલના સ્ટાફ પરિવાર તથા હૉસ્ટેલની વિદ્યાર્થિની બહેનોએ વિદ્યાર્થિનીઓનું કુમકુમ તિલક અને મીઠાઈથી સ્વાગત કર્યું હતું અને તેમના માટે કાર્ટૂન ફિલ્મ, સંગીત ખુરશી, ઊભી ખો જેવી રમતો તથા ગરબા, ડાન્સ, નાટક જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. અહીં વિદ્યાર્થિનીઓ માટે અલ્પાહાર, રાત્રિ ભોજન, સૂવાની વ્યવસ્થા તથા બીજા દિવસે સવારે નાસ્તાની વ્યવસ્થા પણક રવામાં આવી હતી. સ્કૂલનાં આચાર્ય નીરૂબેન પટેલ, સુપરવાઈઝર્સ, શિક્ષકો તથા નર્સિંગ હૉસ્ટેલના સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થિનીઓએ સ્કૂલની વિદ્યાર્થિનીઓને ઘર જેવી હૂંફ અને સ્નેહ આપીને સાચવી હતી. શાળા પરિવાર તરફથી નર્સિંગ હૉસ્ટેલ પરિવાર પ્રતિ આ સુંદર આયોજન બદલ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## લાયન્સ ક્લબ દ્વારા નેત્ર નિદાન કેમ્પ





લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા લીંબોદરા ખાતે નેત્ર નિદાન કેમ્પ અને ડાયાબીટીસ ચકાસણી કેમ્પ રાખવામાં આવેલ જેમાં કુલ ૩૫૮ દર્દીઓની આંખોની તથા ડાયાબિટીસ ની તપાસ કરવામાં આવી , ૧૭૮ દર્દીઓને રાહતદરે ચશ્માનું વિતરણ અને ૪૭ દર્દીઓના નિઃશુલ્ક મોતિયાના ઓપરેશન કરવામાં આવેલ છે. આ કેમ્પ માં લાયન્સ પ્રમુખ નયન મધુકર, પુર્વ પ્રમુખ જ્યંતિભાઈ પ્રજાપતિ, બોર્ડ મેમ્બર મોહનકાકા, પદમસિંહ ચૌહાણ , રામચન્દ્ર વ્યાસ, ડીમ્પલ દેસાઈ , ઉપ પ્રમુખ ઉમંગ પંડ્યા, પાર્થ પંડ્યા, પ્રીતિબેન શર્મા , પ્રિતીબેન વ્યાસ , હાર્દિક કંસારા , સંજય પટેલે હાજર રહી સેવાઓ આપી હતી.

## 'વાર્તાયન પર્વ - ૨'માં બે સર્જકોનું વાર્તાપઠન

### ધારિણી સોલંકી અને ધર્મેન્દ્ર ત્રિવેદી દ્વારા મૌલિક વાર્તાનું પઠન કરાયું

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તા ક્ષેત્રે નવા વાર્તાકારોને એક મંચ આપવા અને તેઓને સારી વાર્તા લખવા માટે પ્રેરિત કરવાના આશયથી શરું કરવામાં આવેલ અને ગાંધીનગરમાં "મમતા " વાર્તામાસિક પ્રેરિત "વાર્તાયન" ના પર્વ – ૨ની બેઠક તા. ૧૮, ફેબ્રુઆરી, ને રવિવારે સાંજે પાંચ કલાકે શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ મુકામે મળી હતી. જેમાં આરંભે વાર્તાયનના સંયોજક અને સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટે પ્રાસંગિક વાત કરી હતી. આ બેઠકમાં ધારિણી સોલંકીએ પોતાની મૌલિક વાર્તા 'ડોસીનું





પાકિટ' અને ધર્મેન્દ્ર ત્રિવેદીએ પોતાની 'શમણાના ચોર' વાર્તા વાંચી હતી. આ બન્ને વાર્તાઓની ઉપસ્થિત સૌ સર્જકો / ભાવકો દ્વારા ચર્ચા – સમીક્ષા કરવામાં આવી હતી. બિલકુલ નવો વિષય અને કલ્પના લઈને આવતી ધર્મેન્દ્ર ત્રિવેદીની વાર્તા અને ગ્રામભાષા અને પારિવારિક સંબંધોને સંવેદનશીલ રીતે કથા ગૂંથણી કરતી ધારિણી સોલંકીની વાર્તાઓની સૌ ઉપસ્થિત સર્જકોએ પ્રસંશા કરી હતી.

આ બેઠકમાં મમતાના તંત્રીશ્રી એ.વી.ઠાકર, ડૉ. કેશુભાઈ દેસાઈ, પ્રવીણ ગઢવી, પ્રજ્ઞા પટેલ, કવિ કૃષ્ણ દવે, અમૃત પટેલ, વર્ષા સોલંકી, રણછોડભાઈ પરમાર, સંજય દવે, રોહિણી પરમાર, અરવિંદ બારોટ, તુષાર પરમાર, માયા ચૌહાણ, તથા ચૌધરી કોલેજની વિદ્યાર્થિનીઓ અને ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. આ વાર્તાયન સૌને માટે ખુલ્લો હોવાથી સૌ કોઈ એમાં હાજર રહી શકે છે, એમ આ પ્રવૃત્તિના સંયોજક ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે.

### પ્રગતિશીલ લેખક સંઘ દ્વારા

## શાહજાદી ફિરોજા નવલકથાનું લોકાર્પણ





ગાંધીનગર, તા. ૨૦

પ્રગતિશીલ લેખક સંઘ રાજ્ય સમિતિ દ્વારા બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલ ખાતે પુરૂષોત્તમ પોમલ દ્વારા લખેલી પુસ્તક શાહજાદી ફિરોજા નવલકથાની ગુજરાતી આવૃત્તિનું લોકાર્પણ યોજાયું હતું. આ લોકાર્પણ સમારોહની અધ્યક્ષતા જોધપુરના પ્રસિદ્ધ સાહિત્યકાર મીઠેશ નિર્મોહીએ કરી હતી. મુખ્ય વક્તા અને અતિથઈપદે કિરીટ દૂધાત, હર્ષદ ત્રિવેદી અને પ્રા. અનુપા ચૌહાન ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત વુલેસના મહા સચિવ રામ સાગર સિંદે મેહમાનોનું સ્વાગત કર્યુ હતુ. દલપત ચૌહાને આભાર વ્યક્ત કર્યો હતો અને ડૉ. ઈશ્વરસિંહ ચૌહાણે સભાનું સંચાલન કર્યુ હતુ.

### વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે

## આજે માતૃભાષા અભિયાન શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનશે

### શંખેશ્વર સીઆરસી જગદીશ કે રણોદરા અને અમદાવાદના શિક્ષક અનિલ રાવલ, શિક્ષક ડૉ. વિધિ ઓઝાને સન્માનિત કરાશે

ગાંધીનગર, તા. ૨૦

માતૃભાષા અભિયાન ગુજરાતી ભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટે છેલ્લાં ૪ વર્ષથી કાર્યરત છે. આ સંસ્થા મુખ્યત્વે પુસ્તક પરબ, ગ્રંથમંદિર, ભાષા શિક્ષણ અને શિક્ષકોની તાલીમ, ગુજરાતી ભાષા ઑલિમ્પિયાડ, બાળ સાહિત્ય શનિસભા, દાદા-દાદીનો ઓટલો અને પરસ્પર જેવા પ્રકલ્પો પર સક્રિય રીતે કાર્ય કરી રહી છે. દર વર્ષે યુનેસ્કો દ્વારા ૨૧ ફેબ્રુઆરીને વિશ્વ માતૃભાષા દિન તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાતી ભાષા અને સાહિત્ય પ્રત્યે લોકો વધુ ને વધુ અભિમુખ થાય તે માટે માતૃભાષા અભિયાન દર વર્ષે આ ઉત્સવ ઉજવે છે, જે અન્વયે ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ શિક્ષક સન્માન અને પેપર રીડીંગ સેમિનારનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે માતૃભાષા અભિયાન દ્વારા ત્રણ શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરવામાં આવશે.

પાટણ જિલ્લાના સમી તાલુકાના શંખેશ્વર સીઆરસી જગદીશ કે રણોદરા, દીવાન બલ્લુભાઈ પ્રાથમિક શાળા, કાંકરિયા, અમદાવાદના અનિલ રાવલ અને શાહપુર ગુજરાતી શાળા નં. ૮, અમદાવાદનાં શિક્ષક ડૉ. વિધિ ઓઝા.

શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે તા. ૨૧ ને બુધવારે સવારે ૧૧ કલાકે આ માટે સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. માતૃભાષા અને શિક્ષણ પ્રત્યે રસ-ઋચિ ધરાવતા સૌ કોઈને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સંસ્થા તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે વિશ્વ માતૃભાષા દિન

### માતૃભાષા એટલે શું?

બાળકને માતા તરફથી મળેલી ભાષા, પરિવારમાં બોલાતી ભાષા એટલે માતૃભાષા. જે ભાષામાં બાળક હસ્યું, રડ્યું, જે ભાષાનો શબ્દ બાળકે સૌપ્રથમ સાંભળ્યો, કાલુ-કાલુ બોલવાનો પ્રયત્ન જે ભાષામાં બાળકે કર્યો, બાદમાં તે ભાષાનું શબ્દભંડોળ સમૃદ્ધ થવાથી તેના પર પ્રભુત્વ આવ્યું, જે ભાષામાં વિચારવાનું, લાગણીઓ અનુભવવાનું, તેમજ લાગણીઓ અને વિચારો પ્રદર્શિત કરવાનું બાળક શીખ્યું તે ભાષા એટલે માતૃભાષા. 'રમાડું છું', 'ખવડાવું છું' જેવા 'બીજા' માટે કંઈક કરવા માટેના શબ્દો ભારતીય સંસ્કૃતિની દેણ છે.

### માતૃભાષામાં શિક્ષણ

માતૃભાષા સાથે માણસ ઘનિષ્ટતાથી જોડાયેલો હોવાથી તે ભાષામાં અપાતું શિક્ષણ માણસમાં એવી રીતે ઉગી નીકળે છે જાણે કે કોઈ બીજ, છોડ કે કલમને તમામ રીતે અનુકૂળ વાતાવરણ(જમીન, ખાતર, પાણી, સૂર્યપ્રકાશ તથા નિંદામણ જેવી સંભાળ) મળી ગયું હોય.

### માતૃભાષા વંદના શા માટે?

બાળકો અંગ્રેજી ભાષામાં શિક્ષણ લેતાં થયા તેથી ગુજરાતી લખતા-વાંચતા ભૂલી ગયા. 'ભાષા જાય તો સંસ્કૃતિ જાય' એ ન્યાયે માતૃભાષાની સાથે-સાથે ભારતીય સંસ્કૃતિનું અસ્તિત્વ જોખમમાં મુકાયું. શાળા સિવાય બાળકને ગુજરાતીમાં બોલવા તેમજ સાંભળવા તો મળે છે પરંતુ લખવા કે વાંચવાની તાલીમ મળતી નથી.

### શું કરી શકાય?

પરિવારજનો બાળકને ઘરમાં ગુજરાતીમાં લખવા-વાંચવાની ટેવ પાડી શકે તો અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતો હોવા છતાં બાળક સુંદર રીતે ગુજરાતી લખી, વાંચી તેમજ બોલી શકે. ગુજરાતી પરિવારોમાં આ કાર્ય અસરકારક રીતે શરુ થાય એ જોવું એ માતૃભાષા અભિયાનનો એક ભાગ હોવો જરુરી છે જે અંતર્ગત ઘર-ઘરમાં ગુજરાતી પુસ્તકો વંચાતા થાય એ માટે તેઓમાં વાંચનભૂખ જગાડવામાં આવે, ગુજરાતીમાં લખવાનો મહાવરો થાય એ માટે પેન-પેન્સિલથી પત્રો લખવાનું વિસરાઈ ગયેલું કાર્ય ફરીથી શરુ કરાવવું ઉપરાંત કોમ્પ્યુટરના કી-બોર્ડ પર ગુજરાતીમાં ટાઈપ કરીને ઈન્ટરનેટના માધ્યમથી ઈ-મેલ મોકલવા, ગુજરાતીમાં વાતચીત (ચેટિંગ) કરવી વગેરે બાબત અંગે વિચારી શકાય. ગુજરાતી વિષયના શિક્ષકનું ટ્યુશન બાળકને ઘરમાં મળતું થાય એમ કરી શકાય. અને ગુજરાતી મેળાવડા, કવિ સંમેલનો, સાહિત્યસંમેલનો પ્રતિ પણ બાળકોને દોરી શકાય. ભાષા બાળકના માથે મારવાને બદલે ધીરે ધીરે તેના પ્રતિ ઋચિ કેળવવામાં આવે તો ઘણું કામ આ દિશામાં થઈ શકે તેમ છે.

## શ્રી માતાજી : આધ્યાત્મિક ક્રાંતિના આવાહક

દેશવિદેશમાં પથરાયેલો વિશાળ જનસમુદાય, જેમને હૃદયના ઊંડા ભાવથી 'મધુર મા' જેવા વહાલભર્યા સંબોધને સંબોધે છે તો છે પોંડિચેરી શ્રીઅરવિંદ આશ્રમના સ્થાપક, વિધાયક અને અધિષ્ઠાતા શ્રીમાતાજી. જન્મે તો તેઓ ફ્રેન્ચ હતાં, પરંતુ પોતાની પૂર્વ પસંદગીથી ભારતને તેમણે નિજી આધ્યાત્મિક જન્મભૂમિ તરીકે સ્વીકાર્યું હતું અને હિન્દના અવિચ્છિન્ન આધ્યાત્મિક વિકાસના ઈતિહાસનો અનુલક્ષીને તેનો જગતના આધ્યાત્મિક ગુરુનું ઉચ્ચ બિરુદ પણ તેમણે આપ્યું હતું.

પૂર્વમાં જન્મી પશ્ચિમની સંસ્કૃતિનું આકંઠ પાન કરનાર શ્રીઅરવિંદ અને પશ્ચિમમાં જન્મી પૂર્વની સંસ્કૃતિના પ્રભાવથી પ્રથમથી જ પ્રભાવિત થનાર શ્રીમાતાજી એ બેનું મિલન એ ભગવાન બુદ્ધના ગૃહત્યાગપ છીની અને તેનાથી અનેક રીતે વિભિન્ન છતાં તેટલી જ મહત્ત્વની અને અપૂર્વ આધ્યાત્મિક ઘટના છે. આજે જ્યારે યોગવિદ્યાનો બહોળો પ્રચાર-પ્રસાર તેના સમર્થકો - વિદેશોની પુનઃ યાત્રાઓ ખેડી ખેડીને કરી રહ્યા છે ત્યારે માનવજાતના નવોત્થાન માટે પ્રગટાવેલા મહાન યજ્ઞની સફળ પૂર્ણતા અર્થો પોંડિચેરીના શ્રીઅરવિંદ આશ્રમની હદમાં જ, બંનેનો અર્ધા સૈકા ઉપરાંતનો સુદીર્ઘ નિવાસ એ પોતે જ એક અખંડ સાદ્યંત અગ્નિહોત્ર છે.

શ્રીઅરવિંદ પોતાના અને શ્રીમાતાજીના સાધના માર્ગ વિશે ઉલ્લેખ કરતાં એક સ્થળે નિર્દેશ કરે છે કે, 'શ્રીમાતાજીના અને મારા સાધનાપથમાં કોઈ ભિન્નતા નથી. દિવ્યચેતનાનો સાક્ષાત્કાર અને મનનું અતિમનસ્‌માં રૂપાંતર એ જ અમારો સર્વદા માર્ગ હતો અને આજે પણ તે જ છે. અને અમારા સાધનાપથની આ અભિન્નતા કોઈ છેલ્લે તૈયાર થઈ નથી પરંતુ શરૂથી જ તે એક જ છે.'



શ્રીમાતાજી કહે છે : 'સાચી આધ્યાત્મિકતા જીવનના પરિત્યાગમાં નથી પરંતુ દિવ્ય પૂર્ણતાથી જીવનને સભર કરવામાં છે. દિવ્ય ચૈતન્યમાં આત્મવિલોપન એ આપણું લક્ષ્ય નથી પરંતુ દિવ્ય ચૈતન્યનો આપણા ભૌતિકમાં ભૌતિક (સ્થૂળ) અંશમાં પણ અંતઃ પ્રવેશ અને તેનું રૂપાંતરણ એ આપણું ધ્યેય છે.'

આ ઉપરાંત એમણે ભારપૂર્વક કહ્યું છે કે, 'આવું રૂપાંતર શક્ય છે કારણ કે ભૌતિક પદાર્થના મૂળ બંધારણ પાછળ પણ આ સત પદાર્થ જ રહેલો છે.'

આમ ભૌતિક જીવન સાથે તેઓ આધ્યાત્મિક જીવનનો એક સુંદર સમન્વય સાધી આપે છે.

શ્રીમાતાજી કહે છે : 'દિવ્યતાને પૃથ્વી પર પ્રગટ થવાનું સાધન જીવન છે.' જીવન ઘડતરના મૂળ પાયામાં, પ્રથમ તબક્કે જ અનુભવાતા આ વિરોધને સમાવી, આમ સમન્વય રચી આપી તેઓ જીવનને વધુ સ્વચ્છ અને સૌન્દર્ય-મંડિત બનાવી દે છે.

માનવી માત્ર દેહ, બુદ્ધિ અને મનની ત્રિરાશિમાં સમાઈ જતો નથી. તેનામાં પ્રચંડ પ્રાણતત્ત્વ અને તેની જીવનયાત્રાને હજી આગળ ને આગળ લઈ જનાર અવિનાશી ચૈતન્યત્વ પણ રહેલાં છે એતરફ શ્રીમાતાજી ધ્યાન દોરે છે.

પૃથ્વી ઉપર જે જીવન પ્રગટ થયું છે અને ક્રમિક વિકાસ સાધતું આજના માનવમન સુધી જે રીતે વિસ્તર્યું છે, ત્યાં જ શું તેનું પૂર્ણવિરામ આવી જાય છે ? એક તરફ દુખ, ક્લેશ અને અજ્ઞાનની અનેક ઘોર યાતનાઓથી માનવ પીડાય છે તો બીજી તરફ તેના અંતરમાં જ્ઞાન, સુખ, પ્રેમ અને સંવાદિતા પ્રત્યેની માગ વધુ ને વધુ તીવ્ર બનતી જાય છે. તો શું આ સંઘર્ષ જેવો છે તેવો તેને રહેવા દેશે ખરો ? એ શક્ય જ નથી. આ દબાણ શા માટે છે અને એનાં મૂળ કારણ એણે કળવાં પડશે. આનો ઉકેલ આપતાં શ્રીમાતાજી સમજાવે છે કે,

'આ આખું દબાણ ઉઘડતા જતા વિકાસક્રમમાં, માનવે જે નવું પ્રસ્થાન સાધવાનું છે તેના ઈશારા રૂપ છે. માનવ જો તે સમજીને, પ્રકૃતિની સદા ગતિશીલ યાત્રામાં, તેનો સહધર્મી થઈ, તેના કદમ સાથે કદમ મિલાવશે તો અજ્ઞાન અને પીડાથી મુક્ત થઈ જીવનમાં પ્રગટ થવા માંગતી પૂર્ણતાને પામી શકશે.'

આમ માનવજીવનના સમતોલ અખંડ અને ધ્યેયલક્ષી ઘડતર માટે તેઓ તેથી ચતુર્વિધ કેળવણીનો-સાધનાનો એક માર્ગ, આપણી સમક્ષ મૂકે છે. એ શરીર, પ્રાણ, મન અને અંતરાત્માની કેળવણી - આ ચારેય કરણોની કેળવણી એટલે પૂર્ણયોગની એક વિશિષ્ટ સાધના પદ્ધતિ. માનવ અસ્તિત્વનાં આ ચારેય સાધનો એકસાથે જ્યારે પૂર્ણપણે વિકાસ સાધશે ત્યારે તેને એક અવર્ણનીય સ્વાતંત્ર્યનો, એક અપ્રતિમ મુક્તિનો, અહીં જ પ્રત્યક્ષ અનુભવ મળી રહેશે. પ્રકૃતિનો, અહીં જ પ્રત્યક્ષ અનુભવ મળી રહેશે. પ્રકૃતિનું પોતાનું પણ આ પૂર્ણતા સિદ્ધ કરવાનું લક્ષ્ય હોઈ, માનવ છેવટે અતિમાનવ બની રહેશે.

આને માટે શ્રીમાતાજી ટૂંકા વ્યવહારુ શબ્દો પ્રયોજે છે -

તમારા જીવનનો હેતુ અને લક્ષ્યને કદી વિસરશો નહીં.

તમે જે કંઈ કહો જે કાંઈ કરતાં હો તો તમામ ઉપર પેલી મહાન ખોજ માટેનાં તમારા અદમ્ય સંકલ્પને ગગનમાં ઘૂમતા પ્રકાશના કોઈ પ્રચંડકાય પંખીની જેમ તમારી હરેક પ્રવૃત્તિને અજવાળતો સદા ઝૂમતો રાખો.

- ડો. દિપક પંડ્યા